dakshinayan દક્ષિણાયન
UNIVERSITY NEWS LETTER
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
March 2015 | For private circulation only | Vol. 07 - Issue 149-50

કબીરા જબ હમ પૈદા હુએ,
જગ હસે હમ રોયે.
ઐસી કરની કર... ચલો,
હમ હસે જગ રોયે.

કબીર

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

ભારતની માટીએ અનેક સંતરત્નો આપ્યાં છે. બહુરત્ના વસુંધરા. કબીર તેમાંના એક. 'સાહેબ' શબ્દ તેમના નામની સાથે અવિભાજ્ય રીતે જોડાઈ ગયો. કબીર તો વણેલું કાપડ વેચીને જીવન નિર્વાહ કરતા હતા. પણ એમની જીવની પ્રત્યેની પૂર્ણ દ્રષ્ટિ, અસ્તિત્વ તરફની સજગતા,સચ્ચાઈ અને આધ્યાત્મિક દ્રઢતા, ભીતરની યાત્રા... એટલું બધું એમની પાસે હતું કે, સહજપણે તેમણે લોક હૃદયમાં 'સાહેબ' તરીકેનું સ્થાન મેળવ્યું.

આજથી છસો વર્ષ પૂર્વે, પછીથી થયેલા કામૂ, કાફકા, સાર્ત્ર વગેરે ચિંતકોએ અસ્તિત્વવાદના જે દાર્શનિક સિધ્ધાન્તો માનવજાતને આપ્યા તે અગાઉ કબીર સાહેબ એને લખી-જીવી ચૂકયા હતા. પ્રત્યક્ષ અનુભૂતિથી માનવના આત્મકલ્યાણનું દર્શન એમણે રજૂ કર્યું. અંધશ્રધ્ધા, વહેમ, જાતિભેદ, વર્ગભેદ, કર્મકાંડના અડગ વિરોધી કબીરે એકતા, પ્રેમ, સંતમાહત્મય, ભાઈચારો, પરમતત્વ, ભકિતનો બેનમૂન સંદેશ એમણે આપ્યો. કબીર નિરક્ષર હતા એમ સૌ કહે છે. આ હકીકત પછી નિરક્ષર અને સાક્ષર વિશેની આપણી સમજણ પણ ચોખ્ખી કરવી જોઈએ એવો મારો અંગત મત છે. અક્ષરજ્ઞાન આપ્યા પછી કેટલી શાળા-કોલેજો કેટલા કબીર સમાજને આપી શકયા ?

રહસ્યવાદી કવિઓની પંગતમાં પહેલી હરોળમાં સ્થાન પ્રાપ્ત કરનાર કબીરે પદ અને દુહામાં લાઘવપૂર્ણ રીતે અસરકારક વિચારો સમાજને આપ્યા. સાધના કરવા માટે તેઓ હિમાલયની ગુફામાં ન ગયા. સંસારની વચ્ચે રહીને, સંસારને સાચવીને તે અધ્યાત્મના શિખર પર પહોંચ્યા !

ગુરૂનો મહિમા વર્ણવતા કબીર લખે છે :

"ગુરુ બિન કૌન બતાયે વાટ
બડા વિકટ યમઘાટ"

હૃદય સોંસરવું ઊતરી જાય તેવું આ પદ છે. પરમાત્માને આપણે આપણી નરી આંખે જોયા નથી પણ ગુરુને તો જોય છે. ગુરુના નિર્દેશ પ્રમાણે જીવવાથી પરમાત્મા પણ પામી શકાય છે. માટે તો ગુરુના ગુણ કબીર આ શબ્દોમાં ગાય છે :

"ગુરુ ગોવિંદ દોનો ખડે,
કિસકુ લાગુ પાય,
બલિહારી ગુરુદેવ કી
જિને ગોવિંદ લિયો બતાય."

ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારને એક સાખીમાં કબીર આ રીતે મૂકે છેઃ

"સાંઈ ઈતના દીજીયે, જાને કુટુમ્બ સમાય,
મૈં ભી ભૂખા ન રહૂં સાધુ ન ભૂખા જાય."

આજના સમયમાં જ્યારે માણસ ભોગવાદને પ્રાધાન્ય આપવા લાગ્યો છે, સ્વથી આગળ વિચારવાનું છોડી રૂપિયાની લીલી નોટ પાછળ પડીને સંવેદનનો દીવો હોલવી બેઠો છે ત્યારે કબીર સાહેબની માર્મિક વાણી સવિશેષ માર્ગદર્શક બની રહે તેવી છે. કબીર સાહેબના વિચારો કાળના પ્રવાહમાં તણાઈ જાય તેવા નથી. જુઓઃ

"પોથી પઢ પઢ જગ મૂઆ, પંડિત ભયા ન હોઈ
ઢાઈ અક્ષર પ્રેમ કા, પઢે સો પંડિત હોઈ !"
એક પવન, એક હી પાની, એક જ્યોતિ સંસારા,
એક હિ ખાકિ ગડે સબ માંડે, એક હી સરજનહારા"

આ સૃષ્ટિમાં જે પ્રકાશ ઝગમગે છે, જે પવન વહે છે, જે જળ ખળખળે છે, જે માટી છે તે તમામ તત્વો સૌ કોઈ માટે એક સરખા જ છે. હિંદુ કે મુસલમાનનો પ્રકાશ જુદો નથી. શિખ કે ઈસાઈ જે હવા ફેફસામાં ભરે છે, શ્વસે છે તે જુદી નથી. પારસી જે પાણી પીએ છે તે જ પાણી હિંદુ કે મુસ્લીમ કે શિખ કે ઈસાઈ પણ પીએ છે. તો પછી ભેદભાવ રાખવાનો શો અર્થ ? ધર્મના ઝઘડા કેટલા મીથ્થા છે તે બહુ અસરકારક દ્રષ્ટાંત દ્વારા માનવતાવાદી દ્રષ્ટિકોણ ધરાવતા કબીર આપણને સમજાવે છે.


આપણા પ્રદેશમાં ભરૂચ પાસે નર્મદા તટે શુકલતીર્થ છે. આ શુક્લતીર્થમાં જીવા અને તત્વા એ નામના બે ભાઈઓ વસવાટ કરતા હતા. તેમનો એક નિયમ હતો કે જે સંતમહાત્માના ચરણસ્પર્શ કરવાથી પોતાના આંગણામાં રોપેલી વડની સૂકી ડાળખી લીલી થઈ જાય તેમનું શિષ્યત્વ પોતે સ્વીકારશે.સંવત ૧૪૬૫માં કબીર સાહેબ ત્યાં શુકલતીર્થ આવી ચઢયા. તેમના ચરણસ્પર્શથી સૂકી ડાળખી લીલી થઈ જતાં કબીર સાહેબને ગુરૂ તરીકે બંને ભાઈઓએ સ્વીકાર્યા. આજે પણ એ સૂકી ડાળખીમાંથી જીવંત થયેલો વડ છે જે કબીરવડના નામે ઓળખાય છે.

આ ઘટનાને ચમત્કારની દ્રષ્ટિએ ન જોઈએ તો પણ એની પાછળનો ધ્વનિ બહુ અસરકારક છે : સુકકી ડાળીને લીલી કરી દેવાની શકિત આ સંતમાં હતી. સાવ સૂકાભઠ ઠૂંઠા જેવા અજ્ઞાનીને જીવનનું સત્વ આપી શકે એવા કબીર સ્વયં એક યુનિવર્સિટી સમાન હતા, છે અને રહેશે.

સતગુરુ કી મહિમા અનંત,
અનંત કિયા ઉપકાર
લોચન અનંત ઊઘડિયાં
અનંત દિખાવણહાર.

તા. ૩૧ માર્ચ, ૨૦૧૫

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ













વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં તા. ૨૬-૦૨-૧૫ના રોજ ૪૬માં વાર્ષિક પદવીદાન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨ વિદ્યાશાખાના ૩૩,૪૫૬ વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત થઈ હતી. આ પ્રસંગે ગુજરાત રાજ્યના માનનીય રાજયપાલશ્રી ઓમ પ્રકાશ કોહલી પ્રમુખ સ્થાને હતા.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પ્રસિધ્ધ વિચારક અને લેખક પ્રો. ગુણવંત શાહે દીક્ષાંત પ્રવચન આપ્યું હતું. પ્રો. ગુણવંત શાહએ તેમના પ્રવચનમાં શિક્ષિત વ્યકિતની લાક્ષણિકતાઓનો ઉલ્લેખ કર્યો હતો. "શિક્ષિત વ્યકિતમાં ત્રણ ગુણો છેઃ એ નવા વિચારોને જાણી શકે છે, બીજા વ્યકિતનો સ્વીકાર કરી શકે છે અને પોતાનો સ્વીકાર કરી શકે છે. યુનિવર્સિટીનો તેમણે સારા વિચારોની પ્રયોગશાળા તરીકે ઉલ્લેખ કર્યો હતો. અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કવિ નર્મદમાં વીરત્વ અને કવિત્વ ભેગું થયું છે એવો વિચાર રજૂ કર્યો હતો. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં માનનીય રાજપાલશ્રીએ કહયું કે વિશ્વવિદ્યાલયનું શિક્ષણ શૂન્ય અવકાશમાં નહી પરંતુ સામાજીક સંદર્ભમાં થાય છે. શિક્ષણ ચરિત્ર નિર્માણ અને જીવન મૂલ્યો સાથે જોડેલું હોવું જોઈએ અને શિક્ષણ સ્વાર્થ કેન્દ્રિત નહી પરંતુ સમાજ કેન્દ્રીત હોવું જોઈએ. એવો વિચાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે સંબોધતા તેમણે શિક્ષકોને કહયું કે શિક્ષણ વિદ્યાર્થીમાં જ્ઞાન માટેની ભૂખ જગાડે અને સત્ય અને પ્રકાશ તરફ લઈ જાય.

આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરએ મહેમાનોને આવકાર્યા હતા. સ્વાગત પ્રવચનમાં એમણે પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આશિર્વાદ આપ્યા હતા અને ઈચ્છા વ્યકત કરી કે તેઓ યુનિવર્સિટી દ્વારા નૂતન સમાજના નિર્માણનું કાર્ય કરે.

વિદ્યાર્થીઓ પોતાનું જ્ઞાન સમાજ અને રાષ્ટ્ર માટે ઉપયોગ કરે એવી આશા વ્યકત કરી હતી. યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને જ્ઞાનવંત બનાવ્યા છે અને જીવનને જોવાનું જુદો દ્રષ્ટિકોણ આપ્યો હતો. વધુમાં તેમણે ઉમેર્યુ કે કોઈ પણ યુનિવર્સિટીની ઓળખ તેના વિદ્યાર્થીઓ દ્વારા થાય છે. ચરિત્ર વગરનું શિક્ષણ પાપ છે એવું કહી તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં સફળતા માટે આશિર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગે સુરત જીલ્લાના કલેકટર શ્રી રાજેન્દ્રકુમાર, કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા અને પરીક્ષા નિયામકશ્રી ઘડૂક મંચ પર ઉપસ્થિત હતા. તેમજ વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રી, સિન્ડીકેટ,

સેનેટ અને એકેડેમિક કાઉન્સિલના સભ્યો અને વિવિધ વિભાગોના વડાશ્રીઓ હાજર હતા. સમારંભમાં સ્નાતક, અનુસ્નાતક, એમ.ફીલ., પીએચ.ડી.ની પદવીઓ એનાયત થઈ હતી. તમેજ જુદા જુદા વિષયોમાં પ્રથમ ક્રમે આવેલા વિદ્યાર્થીઓને ચંદ્રકો એનાયત કર્યા હતા.

આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, કોલેજના આચાર્યો અને યુનિવર્સિટી સ્ટાફ હાજર હતા.

આ ૪૬માં પદવીદાન સભારંભમાં જુદી જુદી ૧૨ ફેકલ્ટીઓની કુલ ૧૧૪ પ્રકારની કુલ ૩૩૪૫૬ પદવીઓ એનાયત કરવામાં આવી હતી. જે પૈકી ૩૪ વિદ્યાર્થીઓને એમ.ફીલ તથા ૭૫ વિદ્યાર્થીઓને પી.એચડી ની પદવી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે ૭૧ જેટલા વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રકો તથા ૭૮ પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા. પદવી પ્રમાણપત્રના વિતરણ માટે યુનિવર્સિટી પરીસરમાં જુદા જુદા ૨૦ સ્થળોએ ૫૯ કાઉન્ટરો ઉભા કરવામાં આવ્યા હતા.

















## Lecture

Prof. Krishna Mohan Pandey, Department of English, Banaras Hindu University, Varanasi, delivered lectures under the U. G. C. Scheme of Exchange of Teachers on the topics of "Error Analysis" and "Gandhi and Indian English Novel" on 09 February, 2015. The lectures were followed by a lively interaction between Prof. Pandey and the students.

## National Seminar



N યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં UGC-SAP પ્રાયોજીત "Natural Langue Processing and Date Mining" વિષય પર બે દિવસીય સેમિનારનું આયોજન તા. ૩/૪ માર્ચ, ૨૦૧૫ દરમ્યાન થયું હતું. આ સમિનારમાં વિવિધ કોલેજોના ૨૩૦ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. સેમિનાર ઉદઘાટન સમારોહમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે હાજરી આપી વિભાગને શુભેચ્છા પાઠવી હતી. સમારોહમાં કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા તેમજ યુનિવર્સિટીના સેનેટ, સિન્ડિકેટ તથા એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રીઓએ ઉપસ્થિત રહયા હતા. સેમિનારના ઉદઘાટન સમારોહમાં વિભાગના વડાશ્રી ડૉ. અપૂર્વ દેસાઈએ સેમિનારમાં હાજર રહેલ ડેલિગેટસને આ સેમિનાર પાછળનું મહત્વ સમજાવતાં આ બે દિવસો ખૂબ જ ઉપયોગી અને સંશોધનોની જ્ઞાન જયોત પ્રગટાવે એવા વિચારો વ્યકત કર્યા હતા.

સેમિનારના પ્રથમ દિવસે IIT, Delhi ના પ્રો. ડૉ. એસ.કે. ગુપ્તાએ

હાજર રહેલ ડેલિગેટસને Data Mining, Knowledge Discovery અને E-Science જેવા અવનવા વિષયોથી પરિસ્થિતિથી વાકેફ કર્યા અને વાણિજ્ય અને ધંધાકીય ફાયદા માટે દરેક ક્ષણે માહિતગાર રહેવાની સલાહ આપી, ઉપરાંત તેમણે Opinion અને Emotion Mining જેવી નવી Mining પધ્ધતિઓ ઉપર શ્રોતાઓનું ધ્યાન કેન્દ્રીત કર્યુ. જ્યારે Gulbarga University, Karnataka ના પ્રો. ડૉ. પ્રકાશ હીરામથ એ પંચતંત્રની વાર્તાઓ દ્વારા Emotion Mining અને NLP વિષે ચર્ચા કરી, તેઓએ Web Miming ની વિવિધ તકો તથા Pattern Discover ના સિધ્ધાંતો અને Web Data Extraction ના સંશોધન પર વાર્તાલાપ કર્યો. ત્યારબાદ પોતાના સંશોધન પ્રોજેકટ "User Specific Controlled Access to a Poly hierarchic Digital Literary Ontology" પર ISIECSU, Kolkata ના ડૉ. પિનાકપાની પાલ એ ચર્ચા કરી એમના વ્યાખ્યાનમાં એમણે Library Indexing ની પધ્ધતિ તથા Digital Library વિષે પ્રેક્ષકગણને સમજણ આપી અને સંશોધન અર્થે માર્ગદર્શન આપ્યું હતું.

સેમિનારનો દ્વિતીય દિવસે Natural Language Processing ને કેન્દ્રિત કરવામાં આવ્યો હતો. સમગ્ર ભારતના સંશોધકોને પોતાનું ઉચ્ચતર માર્ગદર્શન અને પ્રોત્સાહન આપતા એવા પ્રો. ડૉ. પ્રસન્નજીત મજુમદારે ભારતની વિભિન્ન ભાષામાં થતા સંશોધન કાર્ય અને સાથે જોડાયેલ પ્રશ્નો તથા તેના ઉકેલ પ્રકાશ પાડયો. તેમણે Language Mapping Translation Summarization, Speech Processing તેમજ અન્ય વિષયો વિષે જાણકારી આપી, ત્યારબાદ પંજાબી ભાષા ઉપર ચાલતા NLP ના સંશોધન ઉપર પ્રકાશ પાડવા Punjabi University, Patiala ના પ્રો. જી. એસ. લેહલ પધાર્યા હતા, તેમણે Speech Translation અને પંજાબી ભણતરને સરળ બનાવવા માટેના પ્રોજેકટસ વિષે પાર્ટીસિપન્ટસને માહતિગાર કર્યા હતા.

સેમિનારમાં રાજ્યોના જુદા જુદા ખુણેથી સામેલ થયેલ શિક્ષકો તથા આચાર્યોએ NLPDM ના સાગરમાંથી ખોબે ખોબા ભરીને જ્ઞાન મોતી મેળવ્યા હોવાનો સંતોષ વ્યકત કર્યો. ત્યારબાદ ૨૫ જેટલા સંશોધન પત્રો અને ૧૯ જેટલા પોસ્ટરોની રજૂઆત રીસર્ચ સ્કોલર્સ દ્વારા કરવામાં આવી હતી.




UGC sponsored National Seminar on "Understanding the Trauma: Revisiting the Partition" was held at Department of English, Veer Narmad South Gujarat University, Surat, on 10-11 February, 2015. Prof. Anisur Rahman, Jamia Millia Islamia (a Central University), New Delhi, delivered the key note address. Prof. Amritjit Singh, Langston Hughes Professor of English, Ohio University, U.S.A., delivered the invited lecture. At this interdisciplinary seminar, resource persons and participants, from various parts of India, presented papers and debated themes related to the partitions of the Indian subcontinent in 1947 and 1971. The partition events were discussed, as recorded in the forms of fiction and nonfiction, in relation to concepts like historiography, nation, gender, secularism, communalism and other related issues.

## મહિલા માર્ગદર્શન



મહિલા સુરક્ષા સમિતિ સુરત (ગુજરાત રાજ્ય ગૃહ વિભાગ) દ્વારા યુનિવર્સિટી હોસ્ટેલની વિદ્યાર્થીનીઓને નિર્ભય બની પોતાનું રક્ષણ કરવું, તથા કોઈ પણ પ્રકારના હેરેસમેન્ટ સામે કેવી રીતે પડકાર આપવો તે માટે IPS શ્રીમતી અર્ચનાબેન શિવહરે (DCP-ઝોન-૨) દ્વારા મહિલા સુરક્ષાલક્ષી માર્ગદર્શન સાથે સાથે સ્ટ્રોંગ બની સચ્ચાઈની લડત માટે સક્ષમ થવા વિશે સરળ ભાષામાં સમજણ આપી સુરત શહેર મહિલા મોરચાના અધ્યક્ષા તથા જાણીતા વકીલ શ્રીમતિ દર્શિનીબેન કોઠિયા દ્વારા કાયદાકીય લડત કેવી રીતે આપી શકાય ? વિદ્યાર્થીનીઓને સાદી અને સચોટ ભાષામાં કાયદાકીય જ્ઞાનની તથા પોલીસ એ આપણા રક્ષણ માટે છે તો ડરવાની નથી પણ નિર્ભયતાથી અને સચ્ચાઈથી કેવી રીતે કયાં કમ્પલેઈન લખાવવી તે વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું, ડૉ. કાજલબેન માંગુકિયા (Gynecologist) તરફથી વિદ્યાર્થીનીઓને આ એજમાં થતી શારીરિક તકલીફો સામે તાત્કાલિક ધોરણે તથા ત્યારબાદ લેવામાં આવતા પ્રીકોશન વિશે લાઈવ ચર્ચા કરવામાં આવી. હેલ્પ લાઈન નંબર ૧૮૧ વિશે ઈમરા મહિલા પોલીસની ટીમ દ્વારા આ હેલ્પ લાઈન કઈ જગ્યાએ ? કઈ રીતે ? કેવી રીતે ? વિદ્યાર્થીનીઓને મદદરૂપ થઈ શકે તે વિશે વિશેષ જાણકારી આપી લાઈવ ડેમો આપવામાં આવ્યો.

## સમાજસેવા દિન



એમ.એસસી. બાયોટેકનોલોજી ફાઈવ ઈયર્સ ઈન્ટીગ્રેટેડ કોર્સના વિદ્યાર્થીઓ દ્વારા ફેબ્રુઆરી મહિનામાં વિવિધ 'ડે' ની ઉજવણી

કરવામાં આવી હતી. આ અંતર્ગત તા. ૫/૨/૧૫ના રોજ વિદ્યાર્થીઓએ 'સમાજ સેવા દિવસ'નું આયોજન કર્યુ હતુ. વિદ્યાર્થીઓ સ્વખર્ચે નાસ્તાની વિવિધ સામગ્રી લઈ આવ્યા હતાં. જેની તેમણે ઉધના મગદલ્લા રોડ પર કામ કરનાર મજુરવર્ગમાં વહેંચણી કરી હતી. વિદ્યાર્થીકાળમાં જ વિદ્યાર્થીઓમાં સમાજ પ્રત્યેની તેમની ફરજની ભાવના વિકસે એ જ આવતી કાલનાં એક કર્તવ્યનિષ્ઠ તેમજ સુંદર સમાજનો આધારસ્તંભ છે. આ કાર્ય માટે વિભાગનાં કો-ઓર્ડિનેટર ડૉ. ગૌરવ શાહ દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન તેમજ પ્રોત્સાહન આપવામાં આવ્યા હતા.

# કોલેજ ન્યૂઝ

## એવોર્ડ

અ શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત બી. એડ્. કોલેજ, સુરતના ઈ.પ્રિન્સિપાલ શ્રી ડૉ. કમલેશભાઈ ડામોરને તા. ૨૮/૧/૧૫ના રોજ રાજ્ય કક્ષાએ 'ધ ઓપન પેજ' સંસ્થા દ્વારા 'ટીચર એજ્યુકેટર્સ એવોર્ડ' રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીના હસ્તે પ્રાપ્ત થયો હતો.

## આરોગ્ય

આ બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં ખેલકૂદ ધારા અંતર્ગત યોગશિબિરનું આયોજન પ્રિ. ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં બિલખડી હાઈસ્કુલના પ્રિ. અને પતંજલિ યોગ સમિતિ, બારડોલીના યોગ શિક્ષક શ્રી અજયભાઈ પટેલે સૂર્યનમસ્કાર, પ્રણાયામ, તથા યોગ વિશે સમજ આપી નિદર્શન કરી તાલીમાર્થીઓ પાસે યોગાસન કરાવ્યા હતા તથા યોગાસન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતોથી માહિતગાર કર્યા. સંચાલન પ્રા. પલ્લવીબેન પટેલે તથા આભારવિધિ પ્રા. ડૉ. મીનાબેન પરમારે કરી.

## ઉજવણી

ઉ બી. જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનની જન્મ જ્યંતિને ગણિત દિવસ તરીકે વૈવિધ્યસભર રીતે ઉજવવામાં આવી. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. કિન્નરીબેન પટેલે નવા ગણિતની સંકલ્પના અને જીવનમાં ગણિતની ઉપયોગિતા તથા વૈદિક ગણિતશાસ્ત્ર વિશે ગાણિતિક ખ્યાલ આપતું પ્રવચન રજુ કર્યું હતું. ત્યારબાદ તાલીમાર્થીઓ દ્વારા રામાનુજનના જીવન, તેમના કાર્ય અને તેમણે કરેલી શોધો વિશે, આર્યભટ્ટના જીવન વિશે, ગણિતનું કાવ્ય પઠન, ગણિત ગીતનું ગાન, જોકસ, જાણવા જેવું, ગણિત વિશેનું નાટક, ગણિત વિશેની પ્રશ્નોત્તરી વગેરે રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ખરવાસિયા દિવ્યાબેન અને આભારવિધિ કેવટ હિનલબેને કરી હતી.

ઉ સત્યમ્ કોલેજ ઓફ એજ્યુકેશન, મહિલા કોલેજ, ભરૂચ તથા નેહરૂ યુવા કેન્દ્ર મિનીસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સ, ભારત સરકારનાં સંયુકત ઉપક્રમે સ્વામી વિવેકાનંદ જ્યંતિ અંતર્ગત યુવા સપ્તાહ ઉજવણીનાં ભાગરૂપે અવેરનેસ અને શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્કીલ ડેવલપમેન્ટ, સ્ત્રી સશકિતકરણ સિવિલ એજ્યુકેશન, સોશ્યલ ઈસ્યુ, પર્યાવરણ, હાઈજીન એન્ડ સેનિટેશન, હેલ્થ એજ્યુકેશન અને નેતૃત્વશકિત જેવા મુદ્દાઓ ધ્યાનમાં લઈ તાલીમાર્થીઓને પોતાના રોજિંદા જીવનમાં તથા પોતાના વ્યવસાયિક જીવનમાં કેવી રીતે અમલમાં મૂકી શકાય ? તથા તેનાથી થતાં ફાયદા વિશે સુંદર સમજ આપવામાં આવી હતી. સંચાલન વિદ્યાર્થી કલ્યાણ સમિતિનાં મંત્રી ચૌહાણ વૈશાલીબેન તથા સભ્ય વસાવા અંબિકાબેન દ્વારા અધ્યાપકશ્રી વર્ષાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

ઉ શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી.એડ્.કોલેજ, સુરતમાં ૨૬/૧૨/૧૪ને રોજ "પર્યાવરણ શિક્ષણ" પૃથ્વીનું રક્ષણ માટેનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં તમામ તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ હાજર રહયા હતા અને કાર્યક્રમનું સંચાલન પ્રા. પાર્થ દેસાઈ અને કૃણાલ પાઠકે કર્યું હતું. ઈન્ચાર્જ આચાર્ય શ્રી ડૉ. કમલેશભાઈ ડામોરે પ્રસંગોચિત શુભેચ્છા પાઠવી હતી.

ઉ સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં ૩૧ ડિસેમ્બરની ઉમળકાભેર ઊજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટ્રીશ્રી સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી અને સ્વામી જયસ્વરૂપ દાસજી દ્વારા મહેમાનશ્રીઓને આવકારતા નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. આ શુભ પ્રસંગે અતિથી વિશેષ અંકલેશ્વર તાલુકાના ધારસભ્યશ્રી ઈશ્વરભાઈ પટેલે તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ શુભ પ્રસંગે મારૂતીસિંહ, શ્રી સંજયભાઈ કોલેજના ભૂતપૂર્વ આચાર્યશ્રી ડૉ. કૃણાલભાઈ પંચાલ ઉપસ્થિત રહયા હતા. તાલીમાર્થી જીતેન્દ્રભાઈ, પ્રિયંકાબેન અને ઉમટિયા આલિયાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. બધા તાલીમાર્થીઓએ આ પ્રસંગે નાટક, ગઝલ, ગીત, નૃત્ય, ડાન્સ, એકપાત્રીય અભિનય અને હાસ્ય દરબાર વગેરે રજૂ કરી હતી. આચાર્યશ્રી ડૉ. કૌશલભાઈ પારેખે તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. અધ્યાપકોએ પણ પોતાની સર્જનાત્મક કૃતિઓ રજૂ કરી હતી.

## ગાંધી નિર્વાણદિન

ગાં શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા.૩૦/૧/૧૫ના રોજ મહાત્મા ગાંધીજીના ૬૭માં નિર્વાણદિન પ્રસંગે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર દક્ષા ઠાકોર દ્વારા વિદ્યાર્થીઓને સ્વચ્છતા અંગે મહાત્મા ગાંધીજીના વિચારો પ્રદાન કરવામાં આવ્યા હતા. તથા 'સ્વચ્છતા શપથ' લેવડાવવામાં આવ્યા હતાં. વિદ્યાર્થીઓ માટે 'મહાત્મા ગાંધી અને સફાઈ' વિષય ઉપર ચિત્ર સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં કુલ ૬૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ સ્પર્ધામાં શ્રી રાઉત રામદાસ પ્રથમ ક્રમે, કુ. વૈશાલી નાંઢા દ્વિતિયક્રમે તથા કુ. હુફિયા દારૂવાલા તૃતિય ક્રમે વિજેતા જાહેર થયા હતા. કાર્યક્રમની વ્યવસ્થા એન.એસ.અસ. ના પ્રોગ્રામ ઓફિસરોએ સંભાળી હતી.

ગાં




નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં તા. ૩૦/૧/૧૫ના રોજ "શહીદ સ્મૃતિદિન" ની ઉજવણીના ભાગરૂપે કોલજમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું. જે પૈકી પહેલાં આચાર્યશ્રી ડૉ.એ.એસ. પટેલે શહીદ દિન અને સ્વચ્છતા અંગે પ્રાસંગિક ઉદ્બોધન કરી વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફના સર્વે સભ્યો સાથે શહીદોના સન્માનમાં બે મિનિટનું મૌન અને સ્વચ્છતા અંગેના શપથ લેવડાવ્યા હતા. આ વિષયના સંદર્ભમાં યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ૨૫૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો તથા "શહીદે આઝમ ભગતસિંહ" નાટક પણ રજુ કર્યુ. કાર્યક્રમમાં સુરત શહેરના વકિલ મંડળના પ્રમુખ શ્રી રમેશભાઈ પટેલ હાજર રહયા હતા.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં તા. ૩૦મી જાન્યુઆરીના રોજ મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિને ગાંધી નિવાર્ણ દિન તરીકે ઉજવવામાં આવ્યો હતો. ગાંધી ગીત તથા ગાંધીજી વિશેના વિચારો પ્રાધ્યાપકો દ્વારા રજૂ થયા હતા. આચાર્ય ડૉ. કિન્નરીબેન પટેલે 'મહાત્મા ગાંધી અને સફાઈ'ને લગતું વકતવ્ય રજૂ કર્યું હતું. સૌએ બે મિનિટનું મૌન પાળ્યું અને સ્વચ્છતાને લગતા શપથ લીધા હતા. મહાત્માગાંધી અને સફાઈ વિષય પર ચિત્ર સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. અને સૌ વૃધ્ધોની વ્યકિતગત મુલાકાત લઈ સૌને બિસ્કીટ તથા ફળોનું વિતરણ કરી આશિર્વાદ લીધા હતા. કોલેજમાં અંગ્રેજી દિવસની ઉજવણી તથા અંગ્રેજી મંડળનું ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું હતું. પ્રા. પલ્લવીબેન પટેલે પ્રાસંગિક ઉદ્બોધન તથા સમગ્ર આયોજન કર્યું હતું. અંગ્રેજી વિષયના તાલીમાર્થીઓએ અંગ્રેજીમાં વકતવ્ય, કાવ્ય, જોકસ, અંગ્રેજી શબ્દોના અર્થ, નાટક, કિવઝ, અંગ્રેજીમાં અભિનય ગીત વગેરે કૃતિઓ રજૂ કરી

રાજ્ય સરકારના નિર્દેશ અનુસાર તા. ૩૦/૧/૧૫ના દિવસે શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં ૧૦:૩૦ વાગ્યા થી ૧૧:૦૦ દરમ્યાન પ્રાર્થના દિન અંગે અધ્યાપક અને આ કાર્યક્રમના સંકલનકર્તા ડૉ. મનસુખભાઈ પટેલે ગાંધીજી અને તેમના સફાઈ અંગેના વિચારો વિષય પર પ્રેરક ઉદ્બોધંન કર્યું હતું. બપોરે ૧૦:૦૦ થી ૧૧:૦૨ દરમ્યાન શહિદ દિન નિમિત્તે પ્રાર્થના સભામાં ઉપસ્થિત તાલીમાર્થીઓ અને સ્ટાફે મૌન પાળી બાપુને શ્રધ્ધાંજલી આપી હતી. ૧૧:૦૫ થી ૧૧:૧૦ દરમ્યાન સફાઈ અંગેના શપથ લેવડાવ્યા હતા. ત્યારબાદ ૯૮ તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ચિત્રકામ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ ચિત્ર સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી કિરણભાઈ મિસ્ત્રી (શિક્ષક, એલ.એમ.પી. પ્રાથમિક શાળા વિભાગ, બીલીમોરા), શ્રી ઉમેદભાઈ બી. પટેલ (નિવૃત શિક્ષક, એલ.એમ.પી.હાઈસ્કુલ, બીલીમોરા) અને શ્રી મુકેશભાઈ ત્રિવેદી (શિક્ષક, એલ.એમ.પી. હાઈસ્કુલ, બીલીમોરા) એ સેવા બજાવી હતી. તેમજ વેરીફાયર તરીકે શ્રીમતી રેહાનાબેન એમ. ઉંટડીવાલા (શિક્ષકા, એલ.એમ.પી. હાઈસ્કુલ, બીલીમોરા) અને શ્રીમતિ પાકિઝાબેન પી. મિસ્ત્રીએ (આચાર્યા, એલ.એમ.પી. પ્રાથમિક શાળા વિભાગ, બીલીમોરા) સેવા આપી હતી. આ ચિત્ર સ્પર્ધામાં પ્રથમક્રમે ટંડેલ તેજસકુમાર રમણભાઈ, દ્વિતીય ક્રમે ઉઘનાવાલા અંજલિ જયવદનકુમાર અને તૃતીય ક્રમે કુમ્મર તરૂણા જયંતિભાઈ વિજેતા થયા હતા.

બી.કે.એમ. સાયનસ કોલેજ, બીલીમોરામાં તા. ૩૦ જાન્યુઆરી ૨૦૧૫ ના રોજ મહાત્મા ગાંધી નિવારર્ણ દિન નિમિત્તે કોલેજ કેમ્પસ ખાતે સવારે ૧૦:૩૦ કલાકે કોલેજ પરિવારે પ્રાર્થના સભાનું આયોજન કર્યુ હતુ આચાર્યશ્રી ડૉ. વિકાસ એ. દેસાઈએ "મહાત્મા ગાંધી અને સફાઈ" અંગે પ્રવચન કર્યુ હતું, વિદ્યાર્થીની રિધ્ધિ પરમારે વિદ્યાર્થીઓને ગાંધીજીના જીવન અને સફાઈના મહત્વ અંગે જણાવ્યું હતું. શહિદ દિન નિમિત્તે ૧૦:૦૦ વાગ્યે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યુ હતુ ત્યારબાદ આચાર્યશ્રીએ સર્વે વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકોને સફાઈ અંગે શપથ લેવડાવ્યા હતા. "મહાત્મા ગાંધી અને સફાઈ" વિષય ઉપર યોજાનાર ચિત્રકામ સ્પર્ધા અંગે આચાર્યશ્રીએ નિયમોની જાણ કરી હતી. ચિત્રકામ સ્પર્ધામાં કુલ ૨૮૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાને અંત પ્રથમ, દ્વિતીય, તૃતીય વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ તથા સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા. ચિત્રકામ સ્પર્ધાનું આયોજન ડૉ.ટી.જી. ગોહિલ, પ્રો.એ.જે. ગોયલ, ડૉ.આઈ.એન. પટેલ, પ્રો. આર. આર સોલંકી, પ્રો. સંધ્યાવાણી, ડૉ. વિજય ચાંપાનેરી, ડૉ. નેવિલ દેસાઈ તથા પ્રો. મહેશભાઈ પટેલે કર્યું હતું.

રાજ્ય સરકારના તા. ૩૦મી જાન્યુઆરી ૨૦૧૫ના રોજ મહાત્માગાંધી દિન નિમિત્તે "મહાત્મા ગાંધી અને સફાઈ" વિષય અંતર્ગત અભિનવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ કોલેજ ફોર બી.સી.સી./બી.કોમ./બી.એડ્./બી.બી.એ. ના સંયુકત ઉપક્રમે મહાત્મા ગાંધી દિનની ઉજવણી કરવામાં આવી હતી. મેનેજીંગ ટ્રસ્ટીશ્રી વિપુલભાઈ જોષી, ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષી, શ્રી નિલકંઠભાઈ બારોટ, શ્રી અંબરીષભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં સૌ પ્રથમ ઈ. ચા. આચાર્ય ડૉ. દિલિપભાઈ પટેલે "મહાત્મા ગાંધી અને સફાઈ" અંગેનું ઉદ્બોધન કર્યુ હતું. ટ્રસ્ટી શ્રી નિલકંઠભાઈ બારોટે પણ મહાત્મા ગાંધીના વિચારોને સ્વચ્છતા સાથે સાંકળી જીવનમાં ઉતારવા બાબતે ઉદ્ઘાટન કર્યુ હતું. ત્યારબાદ શહિદ દિન નિમિત્તે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. અને કેમ્પસ ડાયરેકટર શ્રીમતી સુમતિ શિનોઈએ વિદ્યાર્થીઓને સફાઈ અંગેના શપથ લેવડાવ્યા હતા. ત્યારબાદ ચારેય ફેકલ્ટીમાં ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં બી. એડ્.ના બધા જ તાલીમાર્થીઓએ ચિત્ર સ્પર્ધામાં લીધો હતો. જેમાં ઓબ્ઝર્વર તરીકે (૧) શ્રી પ્રફુલ્લ જે. શુકલ અને (૨) દેવાંગ વી. ઘાસાવાલા ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. પત્રલેખાબેન બારડે કર્યું હતું.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું અને સફાઈ અંગેના શપથવિધિ થઈ. ત્યારબાદ શ્લોક, પ્રાર્થના રજૂ થઈ. આચાર્યશ્રી ડૉ. કે.વી. દેસાઈ તથા રજીસ્ટ્રાર શ્રી ડૉ. એ.એન. ઠાકર તથા અધ્યાપકવૃંદ દ્વારા ગાંધીજીની પ્રતિમાને દીપ તેમજ પુષ્પાંજલિ દ્વારા પૂજન-વંદના થઈ હતી. ત્યારબાદ આ. પ્રો. ભાવિના દેસાઈ દ્વારા તેમજ તાલીમાર્થી દ્વારા સુવિચારો, ગાંધી જીવન કાવ્ય પઠન, ગાંધીજીના જીવન પ્રસંગો, પ્રેરક પ્રસંગો તેમજ નાટકો, વિવિધ ગીતો, વૈષ્ણવજન ભજન, ગાંધી ગીતો તેમજ રાષ્ટ્રપ્રેમ તેમજ સ્વચ્છતા-ભારત અભિયાન અંતર્ગત બુલેટિન તેમજ બોર્ડ વર્ક રજૂ થયા હતા. ત્યારબાદ પોસ્ટર (ચિત્ર સ્પર્ધા મહાત્મા ગાંધી અને સફાઈ) વિષય ઉપર યોજાયું. નિર્ણાયક તરીકે આ. પ્રો. ડૉ. નયનાબેન ચૌહાણ તથા આ. પ્રો. કેતકી પંડયાએ સેવા આપી હતી. આચાર્યશ્રી ડૉ. કે.વી. દેસાઈએ મહાત્મા ગાંધી અને સફાઈ અંગેનું ઉદ્બોધન કર્યું હતું. કાર્યક્રમનું આયોજન, તૈયારીઓ અને માર્ગદર્શન આ. પ્રો. ભાવિના દેસાઈએ કરી હતી.

## વર્કશોપ

રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપીમાં તા. ૨,૩ અને ૫ મી જાન્યુઆરી ૨૦૧૫ના રોજ 'પર્સનાલિટી ડેવલોપમેન્ટ અને હાઉ ટુ ફેસ ઈન્ટરવ્યુંનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો જે અન્વયે સી.વી રાઈટિંગ વિષય પર શ્રી દિપેશભાઈ શાહ અને બોડી લેંગ્વેજ વિષય પર શ્રી શૈલતભાઈ ગોસાઈએ તજજ્ઞ તરીકે સેવા આપી હતી. મોક ઈન્ટરવ્યુંની પેનલમાં ડૉ. સુનિલભાઈ મરજાદી, શ્રી બી.એફ મોદી અને શ્રી જયદીપભાઈ વ્યાસે વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લીધા હતા. આ વર્કશોપમાં ૯૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. એમ.બી. માછીએ કર્યું હતું.

## એન.એસ.એસ.

વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરાનો વર્ષ ૨૦૧૪/૧૫ ના NSSનો વાર્ષિક શિબિર અંબિકા એજ્યુકેશન ટ્રસ્ટ (દોડીપાડા) સંચાલિત ડુંગરડા આશ્રમ શાળા મુકામે તા. ૨૩/૧૨/૨૦૧૪ થી ૨૯/૧૨/૨૦૧૪ દરમ્યાન યોજાયો જેનો ઉદ્ઘાટન સમારોહ આચાર્ય શ્રી ડૉ. એમ.એન.વશીના પ્રમુખ હેઠળ યોજાયો અતિથિ વિશેષ તરીકે જીલ્લા પંચાયતના સદસ્ય ખાલપભાઈ એમ. ચૌધરી હાજર રહયા આ ઉદ્ઘાટન સ્મારોહના મહેમાનોનો આવકાર તથા પરિચય પ્રોગ્રામ ઓફિસર દેવાંગ સુકાની દ્વારા

કરવામાં આવ્યો. સ્વંયસેવકો દ્વારા મહેમનોનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યું તથા પ્રોગ્રામ ઓફિસર ગૌતમભાઈ એન. પટેલે NSS ની વિવિધ પ્રવૃતિઓ તેમજ વાર્ષિક શિબિરની વિવિધ પ્રવૃતિઓથી બધાને માહિતગાર કર્યા. ઉદ્દ્ઘાટન સમારંભના અતિથિ વિશેષ દ્વારા વિદ્યાર્થીઓને પોતાની સફળતા માટેના અંગત જીવન ઉપર પ્રકાશ પાડી વિદ્યાર્થીઓને પ્રભાવિત કર્યા અને સફળતા માટેના આર્શિવાદ આપ્યા સમારોહના પ્રમુખશ્રી દ્વારા NSS ની સાથે સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ ઉપર ભાર મૂકીને તેમને સામાજીક સેવાના કાર્યો તરફ પોતાની નજર અચૂક રાખવાની અપેક્ષા વ્યકત કરી. પ્રોગ્રામ ઓફિસર દેવાંગ સુકાનીએ આભાર વિધિ કરી અને કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપિકા શ્રીમતિ રંજનબેન દેસાઈએ કર્યુ હતું. કેમ્પ દરમ્યાન શ્રમકાર્ય, પ્રભાત ફેરી, ડુગરડા ગામનો સર્વે, ડુગરડા સરકારી નર્સરીની મુલાકાત લીધી જેમાં વિવિધ રોગો માટે ઉપયોગી વનસ્પતિઓની વિદ્યાર્થીઓને અવગત કર્યા તેમજ એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું જેમાં સાપૂતારા મુકામે શિબિરાર્થીઓને લઈ જવામાં આવ્યા હતા. તા. ૨૮/૧૨/૧૫ના રોજ કેમ્પનો પૂર્ણાહત કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં સમારોહના પ્રમુખ તરીકે શ્રી જયસીગભાઈ રાઠોડ અને અતિથિ વિશેષ તરીકે મલપભાઈ દેસાઈ તેમજ પ્રા. જયંતભાઈ પટેલ હાજર રહયા હતા. આ પૂર્ણાહુતિ કાર્યક્રમમાં શિબિરાર્થીઓએ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી.




નવયુગ આર્ટ્સ કોલેજ, સુરતમાં .તા. ૧૭/૧/૧૫ના રોજ એઈડ્સ કંટ્રોલ સોસાયટીના સૌજન્યથી રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત એઈડ્સ જાગૃતિ અંગેનો વર્કશોપ અને વિવિધ કાયક્રમોનું આયોજન થયું હતું. આ વર્કશોપના શ્રી આચાર્યશ્રી ડૉ. જ્યોતિબેન નાયકે પ્રાસંગિક ઉદ્દ્બોધન કરી વિદ્યાર્થીઓમાં એઈડ્સ જાગૃતિ લાવવાના પ્રયોત્નો કર્યો હતા. આ વર્કશોપમાં તજજ્ઞો તરીકે ડિસ્ટ્રીક એઈડ્સ પ્રિવેન્શન એન્ડ કંટ્રોલયુનિટ આરોગ્યશાખા, જીલ્લા પંચાયત સુરતના યશવંતભાઈ આર. વળવી અને લોકવિકાસ સંસ્થાના એચ.આઈ.વી. એઈડ્સ અટકાયત કાર્યમાં કાર્યરત શ્રી હિતેશભાઈ પટેલે સેવા આપી હતી. આ બન્ને તજજ્ઞો દ્વારા આધુનિક ઉપકરણોની મદદથી એઈડ્સના રોગ અંગે સંપૂર્ણ માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ વિવિધ પ્રશ્નો પૂછયાં હતાં અને સંતોષકારક જવાબો પણ મેળવ્યા હતા. એઈડ્સ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા 'ચિત્ર સ્પર્ધા' અને 'સૂત્રલેખન' સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસના પ્રો. ઓફિસર પ્રા. ડૉ. નયનાબેન પટેલે કર્યુ હતું.

## વ્યાખ્યાન

સ્વામી નારાયણ બી.એડ્. કોલેજ અંકલેશ્વરમાં "શિક્ષણમાં સહઅભ્યાસિક પ્રવૃતિઓનું મહત્વ" વિષયક વકતવ્ય ડૉ. પ્રફુલસિંહ રાજે આપ્યું. સ્વામી જયસ્વરૂપ શાસ્ત્રીજીએ શાલ અને પુષ્પગુચ્છથી સ્વાગત કરી વકતાશ્રીને હદયથી આવકાર્યા હતા. આ કાર્યક્રમની રૂપરેખા આચાર્યશ્રી ડૉ. કૌશલભાઈ પારેખે આપી હતી. આ કાર્યક્રમનું આયોજન સંચાલન પ્રા. ગણેશભાઈ પટેલે કર્યુ હતું. આભારવિધિ પ્રા. દિનેશભાઈએ કરી હતી.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં તા. ૧૭/૧/૧૫ના રોજ માનવ ઉત્કર્ષ મંડળ આયોજીત વ્યાખ્યાનમાળા અંતર્ગત નવસારી સ્થિત સયાજી વૈભવ લાયબ્રેરીના મંત્રીશ્રી જયપ્રકાશભાઈ યુ. મહેતાનું વ્યાખ્યાન યોજાયું હતું. માનવ ઉત્કર્ષ મંડળના ડૉ. દિનુભાઈ નાયકે જ્યોતિર્ધર શિક્ષક અને પ્રજવલિત થવાની અંગે વિચારો વ્યકત કર્યા હતા. ત્યારબાદ મુખ્ય વકતાશ્રીએ "શિક્ષક એક પ્રજવલિત દીપ" વિષય પર સૌમ્ય અને પ્રેરક શૈલીમાં શિક્ષણ, શિક્ષક અને સમાજને આવરી લેતી સુંદર વાતો અસરકારક રીતે વ્યકત કરી સહુને મંત્રમુગ્ધ કર્યા હતા. આદર્શ આચાર્ય સ્વર્ગસ્થ વાડિયાને કેન્દ્રમાં રાખીને એમણે શિક્ષકત્વના અને નેતૃત્વના સમીકરણો સ્પષ્ટ કર્યા હતો. કાર્યક્રમનું સુચાર સંચાલન પ્રા. ડૉ. શીતલબેન વસાવાએ કર્યુ હતું. શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં કે.સી.જી. પ્રેરિત ઉદિશા સેલના કમ્યુનિકેશન સ્કીલ વિકાસ અંતર્ગત તા.૧૫/૧/૧૫ના રોજ "વર્ગખંડમાં આધુનિક ટેકનોલોજીનો વિનિયોગ" વિષયક પ્રવચન યોજાયું. ડૉ. વિનયભાઈ એન. પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ હસ્તલિખિત અંક-૨ "શિક્ષક અને સમાજ" નું વિમોચન શ્રી હિરેનભાઈ વ્યાસના હસ્તે કરવામાં આવ્યું હતું. શ્રી હિરેનભાઈ વ્યાસે બ્લેન્ડેડ લર્નિંગ કે જેમાં ફકત ટેકનોલોજી નહી પરંતુ ટેકનોલોજીના ઉપયોગ દ્વારા શિક્ષક ભણાવે તેની વાત કરી હતી. કાર્યક્રમની આભારવિધિ ડૉ. શીતલબેન એન. વસાવાએ કરી હતી.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ બીલીમોરામાં, જ્ઞાનધારા અંતર્ગત "Effective communication" વિષય પર નારણલાલા એજ્યુકેશન સંસ્થાના ડૉ. સીમાબેન સૂર્યવંશી તેમજ ડૉ. અપૂર્વાબેન ચૌહાણે વકતવ્ય આપ્યું હતું. આચાર્યા ડૉ. ભારતીબેન પંચોલીના આર્શીવચનથી શરૂ થયેલ આ કાર્યક્રમ પ્રા. વાર્ષાબેન રાણાના આયોજન હેઠળ સફળ રહયો હતો.

તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચમાં દીપજ્યોતિ કોલેજ ઓફ કોમર્સ તથા પરમ કોમ્પ્યૂટર આઈ.ટી.આઈ.ના સંયુકત ઉપક્રમે યુવા સપ્તાહ અંતર્ગત તા. ૧૯/૧/૧૫ ના રોજ 'લક્ષ્ય નિર્ધારણ તથા વ્યકિતત્વ વિકાસ' વિષય પર શ્રીમતી પદમજા અગ્રવાલનું વ્યાખ્યાન યોજાઈ ગયું. વકતાશ્રીએ લક્ષ્ય નિર્ધારણ અને વ્યકિતત્વ વિકાસ વિષય પર વ્યકત રજુ કર્યુ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તપોવન સંસ્કાર કેન્દ્રના પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયા નિયામકશ્રી જાગૃતિબેન પંડયા તથા દીપજ્યોતિ કોલેજ ઓફ કોમર્સના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ સુક્રિતીબેન શર્મા તેમજ સ્ટાફગણ ઉપસ્થિત રહયા હતા.

વાડિયા વિમેન્સ કોલેજ, સુરતમાં સ્વ. પ્રિ. ડૉ. સુભદ્રાબેન મારફતિયા સ્મૃતિ ૧૪ મી વ્યાખ્યાનમાળામાં સંદેશના Executive Editor અને ચિંતનની પળેની કટાર લેખક શ્રી કૃષ્ણકાંત ઉનડકટનું "સફળતા અને સુખ" વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું. આચાર્ય ડૉ. અશોક દેસાઈએ સ્વાગત પ્રવચન કરી વકતાનો આપ્યો હતો. વિદ્યામંદિર સોસાયટીના અધ્યક્ષશ્રી આંનદભાઈ ચોખાવાલાએ સ્વ. સુભદ્રાબેન મારફતિયાના કાર્યની ઝાંખી કરાવી હતી. શ્રી કૃષ્ણકાંતભાઈ સફળતા અને સુખ અંગે વિસ્તૃતમાં ચર્ચા કરતાં જણાવ્યું કે, 'નિષ્ફળતા કરતાં વિચાર અને વર્તન વધુ અગત્યના છે. સાધનો શાંતિ કે સુખ આપી શકાતા નથી. આચાર્યશ્રી ડૉ. અશોક દેસાઈએ વિદ્યાર્થીનીએ પાસે મતદાન કરવા અંગેની પ્રતિજ્ઞા લેવડાવી હતી. આભારવિધિ પ્રા. કિરીટસિંહ ઘેલોતે કરી હતી.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત પુરસ્કૃત આંતરકોલજ વ્યાખ્યાનમાળા અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન આચાર્યા ડૉ.

કિન્નરીબેન પટેલે કર્યું હતુ. મહેમાનને આવકાર તથા પરિચય ડૉ. કિન્નરીબેન પટેલે આપ્યો હતો. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખથી ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતાં. કાર્યક્રમના વકતા તરીકે વી.ટી.ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતના પ્રિ. ડૉ. વિનોદભાઈ જી. પટેલે 'સાચો શિક્ષક કહેશો કોને ?' વિષય પર પ્રવચન રજૂ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. મીનાબેન પરમારે તથા આભારવિધિ ડૉ. કનુભાઈ સ્વાગીયાએ કરી હતી.

## સેમિનાર

શાહ એન.એચ. કોમર્સ કોલજ, વલસાડમાં નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ માસ કમ્યુનીકેશન એન્ડ જર્નાલીઝમ, અમદાવાદના સૌજન્યથી ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે 'કરીઅર ઈન મીડિયા' વિષય ઉપર તા. ૨૮/૧/૧૫ના રોજ એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેન્ટરના ઓફિસ સુપરીન્ટેન્ડન્ટ ઈલાબેન ગોહિલ તથા પબ્લીક રીલેશન ફેકલ્ટી કુ. સોનીએ વિદ્યાર્થીઓને વિવિધ મીડીયા કારકીર્દિ કેવી રીતે બનાવવી તે અંગે વિસ્તુત જાણકારી આપી હતી. કાર્યક્રમની વ્યવસ્થા ડૉ. દક્ષા ઠાકોર અને પ્રા.કે.આર. ભાવસારે સંભાળી હતી.



ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને ઝુલોજી ડિપાર્ટમેન્ટ બી.પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયુટ, નવસારીના સંયુકત ઉપક્રમે બારીયા સાયન્સ કોલેજ ખાતે ૩૧મી જાન્યુઆરી ૨૦૧૫ના રોજ "કન્ઝેંશન ઓફ બાયોડાયવર્સિટી એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ" વિષય પર યોજાયેલ સેમિનારના ઉદ્‌ઘાટન પ્રસંગે ટ્રસ્ટી શ્રી અસ્પીભાઈ ફનીબંદાએ આવકાર આપી વકતાઓનો મહતમ લાભ લેવા માટે જાણાવ્યું હતું. નવસારી કૃષિ વિદ્યાલયના નિવૃત પ્રો. ડૉ. બી. જી. વશીએ પ્રમુખ સ્થાનેથી સેમિનારનાં વિષયને ટૂંકમાં ખૂબ સરળ શબ્દોમાં સમજાવ્યો હતો. ઉદ્‌ઘાટન સમારંભને અંતે માઈક્રોબાયોલોજી વિભાગનાં વડા પો. શ્રીમતી વી. આર. શર્માએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન કેમેસ્ટ્રી વિભાગના ડો. કીર્તિદા વૈદ્યએ કર્યું હતું. પ્રસ્તુત સેમિનારમાં ડેપ્યુટી ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન ઉદેપૂરના ડૉ. સતિશકુમાર શર્મા, મહારાજા ક્રિષ્ણાકુમારીસિંહજી ભાવનગર યુનિવર્સિટી, મરિન સાયન્સ વિભાગના પ્રોફેસર અને હેડ પ્રો. ઈન્દ્ર આર. ગઢવી તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત બાયોસાયન્સ વિભાગના નિવૃત પ્રોફેસર તથા હેડ પ્રો. એમ. એચ. પરબીયા ઉપસ્થિત રહયા હતા. દરેક વિદ્વાનોએ વિષયની વિષદ છણાવટ કરી હતી. વિવિધ સ્લાઈડ, વિડીયોથી રજૂ થયેલ માહિતીએ સેમિનારમાં ભાગ લેનાર સૌને સંપૂર્ણ રસ જગાડયો હતો. ત્રણસો જેટલી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને અન્ય કોલેજના સ્ટાફ સભ્યોએ સેમિનારને સફળ બનાવ્યો હતો.

સાસ્કમા ઈંગ્લિશ મીડીયમ કોમર્સ કોલેજ, સુરતમાં ED-wise Education Consultants સેમિનાર દ્વારા વિવિધ દેશોમાં (વિદેશમાં) અભ્યાસ કરવા માટેનું જ્ઞાન વિદ્યાર્થીઓને રીચી અને શ્વેતા શેટીનાં માર્ગદર્શન હેઠળ પૂરું પાડવામાં આવ્યું હતું. આ સેમિનારનું આયોજન આ પ્રિ. ડૉ. યુ.ટી.દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. રૂચિ દેસાઈ દ્વારા કરવામં આવ્યું હતું. તદપરાંત "Career Opportunity" નું સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે મંથન દેસાઈએ વિદ્યાર્થીઓને સ્નાતક અભ્યાસની સાથે સાથે બીજા કોર્સ પણ મહત્વના છે તે સમજાવ્યું હતું. તેમણે *'CS'* પ્રોફેશનલ Company Secretary કોર્સનું મહત્વ સમજાવ્યું હતું સેમિનારનું સફળ સંચાલન આ પ્રિ. ડૉ. યુ.ટી.દેસાઈના માર્ગદર્શન હેઠળ પ્રા. રૂચિ દેસાઈ અને ખુશ્બુ જરીવાળાએ કર્યું હતું.

બી.જે.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, અમરોલી દ્વારા તા. ૧૪/૨/૧૫ના રોજ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. અને એમ.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓ માટે એક દિવસીય વર્કશોપનું આયોજન આચાર્યા ડૉ. કિન્નારીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું છે જેનો વિષય Developing a Research Paper રાખવામાં આવ્યો છે. વર્કશોપના તજજ્ઞો તરીકે નિવૃત પ્રાફેસર ડૉ. ઉમ્મેદસિંઘ તથા એસોસીએટ પ્રોફેસર ડૉ. રાયસિંગભાઈ ચૌધરી માર્ગદર્શન આપશે. આ વર્કશોપનો મુખ્ય હેતુ બી એડ્. તેમજ એમ. એડ્.ના પ્રશિક્ષણર્થીઓની સંશોધન પેપરના લેખન માટે માર્ગદર્શન આપવાનો છે.

યુ.જી.સી. અંતર્ગત ગુજરાતી અને હિન્દી વિભાગ, મુંબઈ યુનિવર્સિટી દ્વારા મુંબઈ યુનિવર્સિટી, મુંબઈમાં તા. ૧૪,૧૫/૧૨/૨૦૧૪ દરમ્યાન યોજાયેલ 'ગુજરાતી દલિત સાહિત્ય' વિષય પરના યોજાયેલ સેમિનારમાં એન.એચ.શાહ કોમર્સ કોલેજ, વલસાડના પ્રા.મુકેશ ચૌહાણે 'નરક' : શોષણ સામેનો અવાજ વિષય પર શોધપત્ર પ્રસ્તુત કર્યું હતું.

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : Dr. J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com